સત્યમેવ જયતે

દાખલ તારીખ:– ૨૦/૧૨/૨૦૨૩
રજીસ્ટર તારીખ:– ૨૦/૧૨/૨૦૨૩
ફેસલ તારીખ:– ૦૮/૦૫/૨૦૨૬
સમય ગાળો:– વર્ષ–માસ–દિવસ
૦૨– ૦૪ –૧૮

**મે. વસોના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડી મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં, મુ.વસો.જી.ખેડા–નડીયાદ**

**રેગ્યુ. દિવાની મુકદમા નંબર :–૨૫/૨૦૨૩**

**આંક:–**

**વાદીઓ :–** સંરપંચશ્રી
ગ્રામ પંચાયત પીજ, મુ.પીજ
તા. વસો જી. ખેડા.

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ:–**ઈન્દ્રવદન હીરાલાલ શાહ,
ઉ.વ.૬૫, ધંધો–નિવૃત,
રહે, ભિવંડી ટેરેસ પાસે, મુ.પીજ, તા.વસો, જી.ખેડા

**દાવો:– સી.પી.સી.કલમ–૯ મુજબ તથા ડેકલેરેશન અંગેનો દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી : વી.એમ.મકવાણા
પ્રતિવાદી તરફે વિ.વકીલ શ્રી : એસ.એમ.મલેક

---

**-: ઠરાવ :-**

(૧) આ કામના વાદી સંસ્થા દાવાની હકીકત એવી છે કે, આ કામના વાદી સંસ્થાએ સ્થાનીક સ્વરાજય સંસ્થાની સંસ્થા એટલે કે, ગ્રામ પંચાયત છે અને વાદી સદર ગ્રામ પંચાયત પીજના સરપંચ તરીકેનો હોદો ધરાવે છે, સદર વાદી સંસ્થાની ઓફીસ દાવા અરજીમાં બતાવેલા સરનામે આવેલ છે જયારે આ કામના પ્રતિવાદી દાવા અરજીમાં બતાવેલ સરનામે રહે છે. સદરનો દાવો વાદી સંસ્થા ગ્રામ પંચાયત પીજના સરપંચશ્રી તરીકે કરે છે જે વાદીને ગ્રામ પંચાયત પીજનાઓએ તાઃ ૧૩/૧/૨૦૨૩ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ નં. ૫૭/૨ મુજબ થયેલ ઠરાવના આધારે સદરનો દાવો દાખલ કરેલ છે. સદર દાવાની હકીકત એવી છે કે, સદર દાવાના પ્રતિવાદીનુ રહેઠાણ મકાન જે ગ્રામ પંચાયત પીજની હદમાં આવેલ છે જેનો ગ્રામ પંચાયત પીજના દફતરે મિલ્કત નં. ૮/૨ થી નોંધાયેલ છે સદર આવેલ મકાનની દક્ષિણ દિશામાં આ કામના પ્રતિવાદીએ દરવાજો (બારણુ) મુકેલ છે જે સદર દાવાની તકરારી મિલ્કત ગણવાની છે. આ દરવાજો દક્ષિણ દિશા બાજુ (બારણું) મુકતા પહેલા વાદી સંસ્થા ગ્રામ પંચાયત પીજનાઓની રજામંદી સિવાય તેમજ લેખિત કે મૌખિક પરવાનગી લીધા સિવાય જાહેર જનતાને અડચણરૂપ થાય તે રીતે મુકેલ છે જેના પ્રતિવાદીને આવો કોઈ હકક, અધિકાર આવેલ નથી. સદર દાવાના પ્રતિવાદીના આવા ગેરકાયદેસર કૃત્યના કારણે જે તેમણે ગેરકાયદેસર મુકેલ દક્ષિણ દિશા બાજુ દરવાજા (બારણું) ના કારણે જાહેર જનતાને અડચણરૂપ થતાં પીજ ગામના રહીશ જગદીશભાઈ મણીભાઈ પટેલનાઓ વારંવાર વાંધા અરજીઓ વાદી સંસ્થા ગ્રામ પંચાયત પીજનાઓને આપવામાં આવેલ હતી, અને તેઓએ તેમની વાંધા અરજીમાં જણાવેલ છે કે, સદર દાવાના પ્રતિવાદીએ બીનકાયદેસર રીતે દરવાજો મુકેલ છે તે ત્રાસદાયક અને નડતરરૂપ છે અને ગેરકાયદેસર છે તેમણે આ ગેરકાયદેસર મુકેલ દક્ષિણ દિશા બાજુ દરવાજા (બારણું)અને તેવા કાયમી ધોરણે બંધ કરવા વિનંતી કરતી અરજી આપેલ હતી અને બીજી અરજી તેઓએ તાલુકા વિકાસ અધિકારી સાહેબ વસોનાઓને આપેલ હતી, જેથી તાલુકા વિકાસ અધિકારી સાહેબે વસોનાઓએ ગ્રામ પંચાયત પીજનાઓને તા: ૩૦/૧૨/૨૦૨૨ ના રોજ નં. તા.પ./બીપી/વશી/૧૬૭૯-૮૨ ના પત્રથી જણાવવામાં આવેલ

કે, જગદીશભાઈ મણીભાઈ પટેલની અરજી અન્વયે ઈન્દ્રવદન હીરાલાલ શાહે મુકેલ દક્ષિણ દિશા બાજુ દરવાજો (બારણું) બંધ કરવાનુ જણાવેલ હતું, ત્યારબાદ બીજો પત્ર તાઃ૫/૮/૨૦૨૩ ના રોજ તાલુકા વિકાસ અધિકારી વસોના પત્ર દ્વારા પણ ગેરકાયદેસર મુકેલ દરવાજો (બારણું) દુર કરવા જણાવેલ હતું. જેથી વાદી સંસ્થા ગ્રામ પંચાયત પીજનાઓએ તા:૧૮/૮/૨૦૨૩ ના રોજ આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર મુકેલ દરવાજો (બારણું) બંધ કરવાનુ લેખિત તથા મૌખિક રીતે જણાવેલ હતુ પરંતુ આ કામના પ્રતિવાદીએ સદરનો દરવાજો (બારણું) બંધ કરેલ નથી કે દુર કરેલ નથી કે કોઈ કાર્યવાહી કરતા નથી. તેમજ આ કામના પ્રતિવાદીએ ગ્રામ પંચાયત પીજનાઓની કોઈપણ જાતની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે જે દક્ષિણ દિશા બાજુ મુકેલ દરવાજા (બારણું) જે મુકેલ છે તે પુરી દઈને બંધ કરતા ન હોઈ જેથી સદરનો દાવો નામદાર કોર્ટમાં કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

વધુમાં જણાવે છે કે, વાદી સંસ્થાએ સદર દાવાના પ્રતિવાદીની ગ્રામ પંચાયત પીજના દફતરે નોંધાયેલ મિલ્કત નં. ૮/૨ જે રહેણાંક મકાનની દક્ષિણ દિશામાં મુકેલ ગેરકાયદેસર તથા ગ્રામ પંચાયત પીજનાઓની કોઈ પણ જાતની બાંધકામની પરમીશન વગેરે જે દક્ષિણ દિશા બાજુ દરવાજો (બારણું) મુકેલ છે તે બારણું (દરવાજા) દુર કરવા એટલે કે, હટાવી લઈ દરવાજો બંધ કરવા અને દક્ષિણ દિશા બાજુ દરવાજા (બારણું) વાળી જગ્યા કાયમી ધોરણે બંધ કરી દેવા માટે તા:૨૧/૧૧/૨૦૨૩ ના રોજ લેખિત નોટીસ વકીલ મારફતે આપવા છતાં આ કામના પ્રતિવાદીએ ઉધ્ધત જવાબ આપી, વાદી સંસ્થાએ આપેલ નોટીસ મુજબનુ અમલ કરેલ ન હોય, એટલે કે, પ્રતિવાદીએ નોટીસ મુજબ વર્તન કરેલ ન હોઈ જેથી પ્રતિવાદીએ મુકેલ ગેરકાયદેસર દક્ષિણ દિશા બાજુ દરવાજો (બારણું) બંધ કરવા અને દરવાજાવાળી (બારણું) વાળી જગ્યા ચણી લઈ કાયમી ધોરણે બંધ કરવા સારુ સદરનો દાવો કરવાનુ કારણ નામદાર કોર્ટમાં ઉપસ્થિત થયેલ છે. તેમ જણાવી દાવા અરજીનાં પેરા–૮ માં (એ) થી (ડી) સુધીની નીચે મુજબની દાદ માંગેલ છે. (એ) સદર દાવા અરજીના પેરા – ૩ માં જણાવેલ વિગતોવાળી મિલ્કતની દક્ષિણ દીશામાં આ કામના પ્રતિવાદીએ જે

ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની ગ્રામ પંચાયત પીજનાઓની પરવાનગી વગર જે દરવાજો દક્ષિણ દિશા બાજુ (બારણું) મુકેલ છે તે ગેરકાયદેસર મુકેલ છે તેવું ઠરાવી હુકમ કરવા મહે.કરશો. (બી) સદર દાવાના પ્રતિવાદીએ ગ્રામ પંચાયત પીજના દફતરે નોંધાયેલ મિલ્કત નં. ૮/૨ વાળા રહેણાંક મકાનની દક્ષિણ દિશામાં જે દરવાજો (બારણું) ગ્રામ પંચાયત પીજનાઓની પરવાનગી વગર ગેરકાયદેસર મુકેલ છે અને તેના કારણે જાહેર જનતાને અડચણરૂપ અને ત્રાસદાયક થાય છે તે દરવાજો (બારણું) કાયમી ધોરણે પ્રતિવાદી હટાવી લઈ દરવાજો બંધ કરી દઈ દરવાજાવાળી જગ્યા ચણી લઈ બંધ કરી દે તેવો હુકમ કરવા મહે.કરશોજી. (સી) જો નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી હરકોઈ દાદ અપાવશોજી. (ડી) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) વાદીના દાવાના સમન્સ/નોટીસો પ્રતિવાદીને બજી જતા. પ્રતિવાદી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ વાદીની દાવા અરજીનો લેખીત જવાબ આંક-૧૦ થી રજુ કરેલ છે અને વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકતો ખરી ન હોવાનુ જણાવી, ખરી હકીકતે જણાવેલ છે કે, ગામ-પીજ, તાલુકો-વસો, જીલ્લો-ખેડામાં પ્રતિવાદીની પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાની પીજ ગ્રામ પંચાયત મીલકત નંબર-૮/૨ આવેલી છે. જે મીલકતની દક્ષિણ દિશા તરફ જાહેર રસ્તા આગળ બારણું આવેલું છે. જે કોઈને અડચણરૂપ નથી અને પીજના જગદીશભાઈ મણીભાઈ પટેલ સિવાય અન્ય કોઈ પણ વ્યકિતએ પીજ ગ્રામ પંચાયતને કયારેય પણ કોઈપણ જાતની ફરીયાદ કરેલી નથી. જયારે જગદીશભાઈ મણીભાઈ પટેલે જાહેર રસ્તામાં ગેરકાયદેસર રીતે ગલ્લો મુકેલો. જે ગલ્લો ઘણાં વર્ષોથી બંધ હોઈ ત્યાં વારંવાર ગંદકી થતી હતી અને નિયમિત સાફ સફાઈ થતી ન હતી અને આ ગલ્લો લગભગ મૃતપ્રાય અવસ્થામાં હતો અને તે ગલ્લો નડતરરૂપ હતો અને રસ્તો સાંકડો થઈ ગયેલ. જેથી આ ગલ્લો દુર કરવા પીજ ગામના અન્ય વ્યક્તિઓ સાથે પ્રતિવાદીએ પણ પીજ ગ્રામ પંચાયતને રજૂઆત કરેલી. જેથી ગ્રામ પંચાયતે આ ગલ્લો કાયદેસર રીતે દુર કરેલો છે. જેથી તેના વેરભાવ રાખીને, શ્રી જગદીશભાઈ મણીભાઈ પટેલે વારંવાર પ્રતિવાદી વિરૂધ્ધ તદ્દન અયોગ્ય અને ગેરકાયદેસર રીતે અરજીઓ કરેલ. પરંતુ તેઓ કોઈપણ રીતે સહાયતા ન મળતાં છેવટે

તેમણે પીજ ગ્રામ પંચાયતને હાથો બનાવીને પીજ ગ્રામ પંચાયતના સરપંચે જીલ્લા પંચાયતની પરવાનગી લીધા વગર તદ્દન અયોગ્ય અને ગેરકાયદેસર કારણો દર્શાવી આ દાવો કરેલ છે. વધુમાં જણાવવાનું કે વાદી પીજ ગ્રામ પંચાયતે અગાઉ તારીખ–૧૨/૦૮/૨૦૨૧ ના રોજ સામાન્ય સભામાં ઠરાવ નંબર–૧૭૪ (૧૭) થી ઠરાવ કરેલ છે કે "ગ્રામ પંચાયત બોડીએ સ્થળ ઉપર નીરીક્ષણ કરતાં જાહેર રસ્તા ઉપર ઈન્દ્રવદન હીરાલાલ શાહનું બારણું દરવાજો મુકેલ છે તે યોગ્ય હોઈ યથાવત રાખવા આજની સભામાં સર્વાનુમતે ઠરાવેલ છે." આમ પીજ ગ્રામ પંચાયતે કરેલ ઠરાવ હોવા છતાં આ ઠરાવની વિરૂધ્ધ જઈને પીજ ગ્રામ પંચાયત આ પ્રકારનો દાવો કરી શકે નહીં અને આ દાવાને પુરાવા અધિનિયમની કલમ–૧૧૫ પ્રમાણે પ્રતિરોધનો સિધ્ધાંત (Doctrine Of Estoppel) લાગુ પડે અને ભારતીય સુખાધિકાર અધિનિયમ પ્રમાણે જાહેર રસ્તા આગળ કોઈપણ મીલકતના માલિક પોતાની દિવાલમાં હવા–ઉજાસ માટે ગમે તેટલા બારણા મુકી શકે. જેમાં કોઈને વાંધો લેવાનો અધિકાર નથી અને પ્રતિવાદીની મીલકતના દક્ષિણ દિશાના બારણાથી બાવીસ ફુટ જેટલો પહોળો રસ્તો છે. જેથી તેમની મીલકતના દક્ષિણ દિશાના બારણાથી કોઈને અડચણ થવાનો સવાલ જ ઉભો થતો નથી. તથા આ મીલકતમાં તેઓ કાયદેસર રીતે ધંધો કરે છે અને આ મીલકતનો નિયમિત વેરો પણ ભરે છે. આમ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. સબબ પ્રતિવાદીની નામદાર કોર્ટને નમ્ર અરજ છે કે, વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવાનો હુકમ કરવા મહેરબાની કરશોજી અને પ્રતિવાદીને વાદી પાસેથી સી.પ્રો.કોડ કલમ–૩૫ પ્રમાણે ખર્ચ પેટે રૂપિયા–૩,૦૦૦/– તથા કલમ–૩૫ (એ)પ્રમાણે વળતરરૂપી ખર્ચ પેટે રૂપિયા–૧૫,૦૦૦/– મળી કુલ રૂપિયા–૧૮,૦૦૦/– અપાવવાનો હુકમ કરવા મહેરબાની કરશોજી.

ત્યાર બાદ આ કામે વાદી દ્વારા આંક–૧૪ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીની જવાબની હકીકતો ખરી ન હોવાનુ જણાવી દાવા અરજીની હકીકતો જણાવેલ છે.

(૩) ત્યાર બાદ આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | વાદી શિતલબેન જીગ્નેશભાઇ તળવીનુ સરતપાસનુ સોગંદનામુ | ૧૯ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગ્રામ પંચાયત પીજનાઓએ તા.૧૩/૧/૨૦૨૩ ના રોજ કરેલ સામાન્ય સભાના ઠરાવ નં. ૫૭/૨ ની અસલ નકલ | ૨૩ |
| ૨ | પ્રતિવાદીએ આપેલ નોટીસનો જવાબની નકલ | ૨૪ |
| ૩ | દાવાની તકરારી મિલકતની આકારણીપત્રકની અસલ નકલ | ૨૫ |
| ૪ | ગ્રામ પંચાતય પીજાનાઓએ કરેલ વકીલ રોકવાના ઠરાવ નં. ૫૭/૩ ની અસલ નકલ | ૨૬ |
| ૫ | પ્રતિવાદીને વકીલ મારફતે આપેલ નોટીસની નકલ | ૨૭ |
| ૬ | તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજનો તાલુકા વિ.અધિકારીનો પત્ર નં. તા.પં./વીપી/વશી/૧૬૭૯-૮૨ | ૪૩ |

ત્યાર બાદ વાદી તરફે આંક-૩૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યાર બાદ આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | પ્રતિવાદી સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી ઇન્દ્રવદન હીરાલાલ શાલનુ સરતપાસનુ સોગંદનામુ | ૩૬ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | દસ્તાવેજીની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીએ વાદીની નોટીસનો આપેલ લેખીત જવાબની ઓફીસ કોપી | ૩૮ |
| ૨ | ગ્રામ પંચાયતએ તારીખ ૧૨/૦૮/૨૧ ના રોજ સામાન્ય સભામાં કરેલ ઠરાવ નંબર ૧૭૪/૧૬ ની સહી-સીક્કાવાળી નકલ | ૩૯ |
| ૩ | ગ્રામ પંચાયતે પ્રતિવાદીની મિલકત, ગ્રામ પંચાયત નંબર ૮/૨ ની દક્ષીણ દિશાના બારણા તથા રસ્તા અંગે કરેલ પંચનામાની પીજ ગ્રામ પંચાયતે આપેલ ખરી નકલ | ૪૦ |
| ૪ | ગ્રામ પંચાતય પીજાનાઓએ કરેલ વકીલ રોકવાના ઠરાવ નં. ૫૭/૩ ની અસલ નકલ | ૨૬ |
| ૫ | પ્રતિવાદીને વકીલ મારફતે આપેલ નોટીસની નકલ | ૨૭ |
| ૬ | તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજનો તાલુકા વિ.અધિકારીનો પત્ર નં. તા.પં./વીપી/વશી/૧૬૭૯-૮૨ | ૪૩ |

ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક-૪૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) આ કામે વાદી આંક-૪૭ થી લેખીત દલીલ રજુ કરેલ જે વંચાણે લીધી. તેમજ વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ મૌખીક દલીલો કરેલ હોય જે ધ્યાને લીધી.

(૬) આ કામે સદરહુ દાવાના નિર્ણય અમારા પુરાગામી ન્યાયધીશશ્રી દ્વારા આંક-૧૫ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર-૧** | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ગ્રામ પંચાયત-પીજ દફતરે નોંધાયેલ મિલકત નં. ૮/૨ વાળા રહેણાંક મકાનની દક્ષીણ દિશામાં દરવાજો પીજ ગ્રામ પંચાયતની પરવાનગી વગર ગેરકાયદેસર રીતે મુકેલ છે? |
| **મુદ્દા નંબર-૨** | શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીની દાવા અરજીને પ્રતિરોધ(ડોકરાઇન ઓફ ઇસ્ટોપલ) ના સિધ્ધાંતનો બાદ નડે છે? |

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૩** | શું વાદી માંગ્યા મુજબનની દાદ મેળવવા હકકદાર છે? |
| **મુદ્દા નંબર–૪** | શું હુંકમ અને હુકમનામુ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબના છે.

| | |
|---|---|
| **મુદ્દા નંબર–૧** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૨** | **હકારમાં** |
| **મુદ્દા નંબર–૩** | **નકારમાં** |
| **મુદ્દા નંબર–૪** | **આખરી હુકમ મુજબ** |

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ થી ૪–</u>**

(૮) હાલના કામે વાદી ગ્રામ પંચાયત પીજના દફતરે પ્રતિવદીની નોંધાયેલ મિલકત નં.–૮/૨ જે રહેણાંક મકાનની દક્ષિણ દિશામાં ગેરકાયદેસર તથા ગ્રામપંચાયતની કોઈ પણ જાતની પરવાનગી વિના દરવાજો(બારણું) મૂકેલ છે. તે દૂર કરવા એટલેકે હટાવી લઈ અને તે દરવાજો ચણીને બંધ કરી દેવા માટે તા.૨૧/૧૧/૨૦૨૩ના રોજ વકીલ મારફતે લેખિત નોટિસ આપવા છતા આ કામના પ્રતિવાદીએ ઉદ્ધત જવાબ આપી, વાદી સંસ્થાને સદર દાવો લાવવાનું કારણ ઉપસ્થિત થયેલ છે. સદર દાવો લાવી વાદી દ્વારા પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે કોઈ પણ જાતની ગ્રામપંચાયતની પરવાનગી વગર દક્ષિણ દિશા બાજુ દરવાજો(બારણું) ગેરકાયદેસર મૂકેલ છે. તેવું ઠરાવી આ દરવાજો(બારણું) જાહેર જનતાને અડચણરૂપ થાય છે અને ત્રાસદાયક છે. જેથી તેને હટાવી લઈ આ જગ્યાને ચણી લઈ કાયમને માટે બંધ કરી દેવાનો હુકમ પ્રતિવાદીની સામે કરવાની દાદ માંગવામાં આવેલ છે.

પ્રતિવાદી તરફે આંક–૧૦થી પોતાનો દાવાજવાબ રજૂ રાખવામાં આવેલા છે. જેમાં તેઓ જણાવે છે કે, વાદીની કબજા–ભોગવટાની પીજ ગ્રામ–પંચાયત મિલકત નં.–૮/૨ આવેલ છે. જે મિલકતની દક્ષિણ દિશા તરફ જાહેર રસ્તા તરફ બારણું આવેલ છે. જે કોઈને અડચણૂપ નથી. અને

પીજના જગદીશભાઈ મણીભાઈ પટેલ સિવાત અન્ય કોઈ પણ વ્યક્તિએ પીજ ગ્રામ–પંચાયતને ક્યારેય કોઈ પણ જાતની ફરિયાદ કરેલ નથી. જ્યારે જગદીશભાઈ મણીભાઈ પટેલ કે જે રસ્તામાં ગેરકાયદેસર રીતે ગલ્લો મૂકેલો જે ગલ્લો ઘણા વર્ષોથી બંધ હોય, ત્યાં વારંવાર ગંદકી થતી હતી અને આ ગલ્લો મૃત:પ્રાય અને નડતરરૂપ હતો. જેના લીધે રસ્તો સાંકડો થઈ ગયેલો. જેથી ગલ્લો દૂર કરવા પીજ ગામના અન્ય લોકો સાથે પ્રતિવાદીઓએ પણ ગ્રામ–પંચાયતમાં ગલ્લો દૂર કરવા રજૂઆત કરેલી અને રજૂઆતને લીધે જગદીશભાઈનો ગલ્લો ગ્રામ–પંચાયતે કાયદેસર રીતે દૂર કરેલો. જેનો વેરભાવ રાખી જગદીશભાઈ મણીભાઈ પટેલ વારંવાર પીજ ગ્રામ–પંચાયતમાં પ્રતિવાદીનો દરવાજો બંધ કરાવવા અરજી કરતા હોય, તેમની અરજીને લીધે ગ્રામ–પંચાયતે હાલનો દાવો લાવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, પીજ ગ્રામ–પંચાયતે અગાઉ તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ સામાન્ય સભામાં ઠરાવ નં.–૧૭૪(૧૭) કરી, ઠરાવેલ છે કે, "ગ્રામ–પંચાયત બોડીએ સ્થળ ઉપર નિરિક્ષણ કરતા જાહેર રસ્તા ઉપર ઇંદ્રવદન હીરાલાલ શાહનું દરવાજો(બારણું) મૂકેલ છે તે યોગ્ય હોય યથાવત રાખવા આજની સભામાં સર્વાનુમતે ઠરાવેલ છે." આમ, પીજ ગ્રામ–પંચાયતે ઠરાવ કરેલ હોવા છતાં તેઓ પોતાના કરેલ ઠરાવથી વિરુદ્ધ જઈ હાલનો દાવો લાવેલ છે અને ભારતીય સુખાધિકાર પ્રમાણે જાહેર રસ્તા આગળ કોઈ પણ મિલકતના માલિક પોતાની દિવાલમાં હવા–ઉજાસ માટે ગમે તેટલા બારણા મૂકી શકે તેમાં કોઈને વાંધો લેવાનો અધિકાર નથી. આમ, અમો પ્રતિવાદીએ કોઈ અડચણરૂપ બારણું મૂકેલ ન હોય, વાદીનો દાવો ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે.

ત્યારબાદ, આંક–૧૪થી વાદી તરફે કાઉન્ટર એફિડેવીટ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં વાદીએ પ્રતિવાદીના દાવાજવાબની વિગતોનો ઇન્કાર કરી, પોતાની દાવાઅરજીની વિગતોનું પુનરાવર્તન કરેલ છે.

(૯) ત્યારબાદ આંક–૧૫થી દાવાના ન્યાય–નિર્ણય અર્થે મારા પુરોગામી સાહેબશ્રીએ મુદ્દા ઉપસ્થિત કરેલા છે. જે મુદ્દા પૈકી સૌપ્રથમ મુદ્દાની સાબિતીનો બોજો વાદીના શિરે છે. જેમાં વાદીએ સાબિત કરવાનું છે કે, પ્રતિવાદીએ ગ્રામ–પંચાયત પીજના દફતરે નોંધાયેલ મિલકત નં.૮/૨ વાળા

રહેણાંક મકાનની દક્ષિણ દિશામાં દરવાજો પીજ ગ્રામ–પંચાયતની પરવાનગી વગર ગેરકાયદેસર મૂકેલ છે જે અંગે વાદી તરફે આંક–૧૮ થી દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ આંક–૨૩ થી ૨૭ સુધીના દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. જે વંચાણે લીધા.

ત્યારબાદ આંક–૧૯થી વાદી ગ્રામ–પંચાયતના સરપંચશ્રી શીતલબેન જીગ્નેશભાઈ તડવીનઓની સરતપાસનું રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓ  દાવાઅરજીને સમર્થન કરતી વિગતો જણાવે છે. તેઓની વિગતવારની ઉલટતપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં વાદી સ્વીકારે છે કે, તેઓ તા.૨૪/૦૧/૨૦૨૨થી પીજ ગ્રામ–પંચાયત સરપંચ તરીકેનો હોદ્દો ધરાવે છે. સરપંચ તરીકેનો હોદ્દો ધારણ કર્યો તે પહેલાથી તેમને આ દાવા અંગેની કોઈ જાતમાહિતી નથી. તેઓ જગદીશભાઈ મણીભાઈ પટેલને ગામના રહીશ તરીકે ઓળખે છે. આ જગદીશભાઈએ તકરારી બારણા અંગે ૪–૫ વાર અરજીઓ કરેલ છે. તેઓએ અરજીઓ અંગે સરપંચ તરીકે સ્થળ ઉપર જઈ સાહેદે તપાસ કરેલ છે. ત્યાં કોઈ પંચનામુ કે રોજકામ કરેલ નથી. તેઓએ સ્થળ ઉપર જઈ આજુબાજુની જગ્યાનુ નિરીક્ષણ કરેલુ. આ સ્થળથી સામેની બાજુએ રહેતા રહીશોની વચ્ચે ૨૨ ફુટનો રસ્તો આવેલો છે. જે અવરજવર માટે પૂરતો છે. આ રસ્તો આગળ ગામ તરફ જતા ૧૫ ફુટનો થઈ જાય છે. સ્થળ ઉપર જે બારણું મૂકેલ છે તે શટરવાળુ છે. આ બારણાંમાંથી અવરજવર કરતા ગામ લોકોને કોઈ તકલીફ પસતી નથી. આ બારણા અંગે જગદીશભાઈ મણીભાઈ પટેલ સિવાય પીજ ગામના અન્ય કોઈ પણ રહીશે અરજી કરેલ નથી. આ બારણાની પશ્ચિમ દિશામાં અગાઉ આ જગદીશભાઈ મણીભાઈ પટેલનો પાન્નો ગલ્લો હતો. આ પાનનો ગલ્લો છેલ્લા ઘણા વર્ષોથી તૂટી ગયેલ છે. આ ગલ્લાને લીધે ગંદકી ફેલાતી હોય ગામના રહીશોએ આ ગલ્લો દૂર કરવા ગ્રામપંચાયતમાં અરજી કરેલી. જેના આધારે ગ્રામપંચાયતે ગલ્લો દૂર કરેલો. અરજીમાં પ્રતિવાદીએ પણ સહી કરેલી. વધુમાં તેઓ સ્વીકારે છે કે, આ બારણું ગામ લોકોને અડચણરૂપ નથી. અમોએ આ બારણા બાબતની તકરાર બાબતે આજુબાજુના રહીશોના નિવેદન લીધેલા અને પંચનામુ કરેલ તે વખતે તલાટી પણ ત્યા હાજર હતા. જગદીશભાઈએ બારણા બાબતે વારંવાર અરજીઓ કરતા હોય, જે કાર્યવાહી

શરૂ કરવી પડેલી. આ જગદીશભાઈ બારણાવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા નથી. પંચાયતે હાલનો દાવો જગદીશભાઈના દબાણને લીધે કરેલ નથી. હાલનો દાવો દાખલ કરતી વખતે ત.ક.મંત્રીને પક્ષકાર તરીકે જોડેલ નથી કે તેઓનુ કોઈ માર્ગદર્શન લીધેલ નથી. તકરારી જગ્યાની પૂર્વ બાજુ પણ બસસ્ટેંડ તરફ જતો ૧૫ ફુટનો રસ્તો આવેલ છે. તકરારી જગ્યાએ પણ દરેક લોકોએ રસ્તા ઉપર બારણા મૂકેલ છે. આ બારણા દૂર કરવા જગદીશભાઈએ કોઈ અરજીઓ આપેલ નથી. પ્રતિવાદીએ દક્ષિણ દિશામાં જે બારણું મૂકેલ છે તે અંગે પંચાયતને કોઈ વાંધો નથી. આમ, હાલના સાહેદ કે જે વાદી ગ્રામ–પંચાયતના સરપંચ તરીકે કાર્યરત હોય, તેઓએ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓ જે બારણું મૂકેલ છે. તે અડચણરુપ નથી. તેમજ જગદીશભાઈ સિવાય અન્ય કોઈએ આ બારણુ હટાવી લેવા કોઈ અરજી કરેલ નથી. આ જગદીશભાઈ આ બારણાવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા નથી. આ બારણાની બહાર ૨૨ ફુટનો રસ્તો આવેલો છે. જે લોકોને અવરજવર કરવા માટે પૂરતો છે અને અવરજવર કરવામાં કોઈને તકલીફ પડે તેમ નથી. પ્રતિવાદીએ દક્ષિણ દિશામાં જે બારણું મૂકેલ છે તેનાથી પંચાયતને કોઈ વાંધો નથી.

ત્યારબાદ આંક–૨૯ વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી આંક–૪૩ વાળો તાલુકાપંચાયત વસોનો તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજનો વાદી ગ્રામ–પંચાયતને સંબોધીને લખેલ પત્ર રજૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૩૧થી વાદીનો પુરાવો પૂરો થયાની પુરસીસ રજૂ રાખવામાં આવેલ છે.

ત્યારબાદ આંક–૩૩વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી આંક–૩૯વાળો તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજનો વાદીનો દરવાજાને યોગ્ય ઠરાવી યથાવત રાખવા અંગેનો ગ્રામ–પંચાયતનો ઠરાવ રજૂ રાખવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૩૫વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી આંક–૪૦વાળો પીજ ગ્રામ–પંચાયતે પ્રતિવાદીની મિલક્ત નં.–૮/૨ની દક્ષિણ દિશાએ આવેલ હગદીશભાઈના ગલ્લા અંગે કરેલ પંચરોજકામની ખરી નકલ રજૂ રાખેલ છે.

ત્યારબાદ આંક–૩૬થી પ્રતિવાદી ઈન્દ્રવદન હીરાલાલ શાહની સોગંદ પરની સરતપાસ રજૂ રાખેલ છે. જેમાં તેઓએ પોતાની દાવાઅરજીની વિગતોને સમર્થન કરતી વિગતો જણાવેલ છે. તેઓની વિગતવારની

ઉલટતપાસ પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં તેઓએ પ્રતિવાદીના મકાનની દક્ષિણ બાજુએ મૂકેલ બારણા અંગેના જુદા–જુદા પ્રશ્નો પૂછેલ છે. રજૂ તમામ પુરાવાઓ તથા વાદી ગ્રામ–પંચાયતના સરપંચશ્રીની જુબાની ધ્યાને લેતા આંક–૩૯થી તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજનો ઠરાવ રજૂ કરવામાં આવેલ છે. જે ઠરાવમાં પીજ ગ્રામ–પંચાયત દ્વારા તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ ઠરાવ નં.૧૭૪(૧૭) ની અરજી પરથી સર્વાનુમતે ઠરવા કરેલ છે કે, જગદીશભાઈ મણીભાઈ પટેલની અરજી કમિટી સમક્ષ વંચાણે લેતા પ્રતિવાદી ઈન્દ્રવદન હીરાલાલ શાહે જે બારણું મૂકેલ છે તે બંધ કરાવવા બાબતે ચર્ચા–વિચારણા કરતા તેમજ ગ્રામ–પંચાયત બોડી સ્થળ ઉપર નિરીક્ષણ કરતા સાર્વજનિક રસ્તો કોઈ રસ્તા ઉપર ઈન્દ્રવદન હીરાલાલ શાહનું બારણું મૂકેલ છે તે યોગ્ય હોય, યથાવત રાખવા ઠરાવવામાં આવે છે. આમ, તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ પીજ ગ્રામ–પંચાયત દ્વારા પ્રતિવાદીનું દક્ષિણ બાજુમાં મુકવામાં આવેલ છે તે બારણું યોગ્ય ઠરાવતો ઠરાવ કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે વાદી ગ્રામ–પંચાયતના સરપંચ શીતલબેનની ઉલટતપાસમાં તેઓ જાતે પણ સ્વીકારે છે કે, આ બારણું કોઈને નડતરરૂપ નથી તેમજ આ બારણા અંગે જગદીશભાઈ મણીભાઈ પટેલ સિવાય અન્ય કોઈએ અરજી કરેલ નથી. તેમજ જગદીશભાઈ મણીભાઈ પટેલ આ બારણાવાળી જગ્યાની આજુબાજુમાં રહેતા નથી. તેમજ આ બારણાની બહારની બાજુ ૨૨ ફુટનો રસ્તો આવેલ છે. જે કોઈને અવરજવર કરવામાં તકલીફ પડે તેમ નથી. તેમજ ગ્રામ–પંચાયતને આ બારણા અંગે કોઈ વાંધો નથી. તેમજ આંક–૪૦થી રજૂ પંચનામુ વંચાણે લેતા તેમાં પાના નં.–૨માં જગદીશભાઈની રજૂઆત બાબતે ઈન્દ્રવદન હીરાલાલ શાહ જણાવેલ છે કે,ગ્રામપંચાયત મિલકત નં.–૮/૨ની આવેલ છે. જે તેઓની માલિકી તેમના કબજા હેઠળ છે. જે તેઓએ રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ રાખેલ છે. સદર દુકાનની દક્ષિણ દિવાલમાં આવેલ બારણું આશરે ૨૦ વર્ષથી વધુ સમયથી મૂકેલ છે. જે જાહેર રસ્તા પર આવેલ છે. આમ, પ્રતિવાદીની મિલકત નં.–૮/૨ વાળા મકાનની દક્ષિણ દિશામાં જે દરવાજો આવેલ છે તે જગદીશભાઈનો ગલ્લો દૂર કરવા અંગેનું પંચ રોજકામ કર્યુ તે વખતે પણ ૨૦ વર્ષ કરતા વધુ સમયથી આવેલ છે. તેમજ આ દરવાજા અંગે

પીજ ગ્રામ–પંચાયતને કોઈ વાંધો કે વિરોધ નથી. તેમજ આ દરવાજા અંગે રસ્તા પરથી અવરજવર કરતા લોકોને કોઈ અડચણ કે અવરોધ થાય તેમ નથી. તેમજ પીજ ગ્રામપંચાયતે જાતે આંક–૩૯ વાળો તા.૦૮/૦૯/૨૦૨૧ ના રોજનો ઠરાવ કરી સદર બારણાને યથાવત રાખવા ઠરાવેલ છે અને પોતાના રહેણાંકની મિલકતમાં દિવાલમાં કોઈ દરવાજો મુકવા અંગે ગ્રામપંચાયતની પરવાનગી લેવી જોઈએ તેવું કોઈ નિયમ કે કાયદામાં પણ ઠરાવેલ નથી. તે તમામ બાબતો ધ્યાને લેતા પ્રતિવાદીએ ગ્રામપંચાયત પીજના દફતરે નોંધાયેલ મિલકત નં.૮/૨ વાળા રહેણાંક મકાનની દક્ષિણ દિશામાં જે દરવાજો મૂકેલ છે તે ગેરકાયદેસર મૂકેલ છે. તેવું સાબિત થતુ ન હોય **મુદ્દા નં.–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.**

**(૧૦)** મુદ્દા નં.–૨ પરત્વે નોંધવાનું કે, વાદી ગ્રામપંચાયતે તા.૦૮/૦૯/૨૦૨૧ના રોજ આંક–૩૯ વાળો ઠરાવ કરેલ અને તે ઠરાવ મુજબ પ્રતિવાદીના મકાનની દક્ષિણ દિશામાં આવેલ દરવાજો યથાવત રાખવાનું ઠરાવેલ તેમજ ઉપર મુદ્દા નં.૧ ની ચર્ચા કરી તે મુજબ પ્રતિવાદીના મકાનના દરવાજાને લીધે ગ્રામજનોને કે ગ્રામપંચાયતને કોઈ પણ પ્રકારનું નડતર થતુ નથી. આ દરવાજો ઘણા લાંબા સમયથી પાડવામાં આવેલ છે. આ તમામ બાબતો ધ્યાને લેતા સદર દરવાજો દૂર કરવાપાત્ર જણાતો નથી. તેમજ વાદી ગ્રામ પંચાયતે જો દરવાજાને યથાવત રાખવાનું યોગ્ય ઠરાવેલ છે તે જ દરવાજાને તે જ ગ્રામપંચાયત દ્વારા દૂર કરવા અંગેની કાર્યવાહી ગ્રામપંચાયત જેવી સ્થાનિક–સ્વરાજની સંસ્થા દ્વારા કરવામાં આવે તે ઉચિત જણાતુ નથી. આમ**, મુદ્દા નં.–૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**(૧૧)** મુદ્દા નં.–૩ પરત્વે નોંધવાનું કે, હાલના કામે વાદીએ પોતાની દાવાઅરજીના પેરા–૮માં પ્રતિવાદીના મકાન મિલક્ત નં.–૮/૨ની દક્ષિણ દિશામાં આવેલ દરવાજો હટાવી લઈ કાયમી ધોરણે આ જગ્યા ચણી લઈ બંધ કરાવવા અંગેની દાદ માંગેલ છે. પરંતુ ઉપર મુદ્દા નં.૧ તથા ૨ માં ચર્ચા કરી તે મુજબ સદર દરવાજો કોઈને નડતરરૂપ થતો ન હોય અને ઘણા વર્ષોથી પ્રતિવાદી સદર દરવાજાનો ઉપયોગ કરતા હોય, અને પોતાના મકાનની દિવાલમાં પોતાના સ્વખર્ચે દરવાજો મુકેલ હોય જે કોઈ પણ ગ્રામજનોને કે પંચાયતને નડતરરૂપ ન હોય. સદર દરવાજાનો ઉપયોગ કરવાનો પ્રતિવાદીને

અધિકાર પ્રાપ્ત થયેલ છે. જે અધિકાર કોઈ એક ગ્રામજનની અરજીના આધારે છીનવી શકાય નહી. વધુમાં, નોંધવાનું કે, જગદીશભાઈ મણીભાઈ પટેલની અરજીના આધારે ગ્રામપંચાયત દ્ધારા જે કાર્યવાહી કરવામાં આવેલ છે. જે જગદીશભાઈ મણીભાઈ પટેલને હાલાના દાવાના કામે સાહેદ તરીકે પણ ગ્રામપંચાયત દ્ધારા તપાસવામાં આવેલ નથી. જે તમામ બાબતો ધ્યાને લઈ વાદીને દાવામાં માંગ્યા મુજબની કોઈ પણ દાદ મળવાપાત્ર હોવાનું જણાઈ આવતુ નથી, જેથી **મુદ્ધા નં.–૩નો જવાબ નકારમાં આપી, મુદ્ધા નં.–૪** પરત્વે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયના હિતમાં ઉચિત જણાય છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તારીખ ૦૮ મી, માહે– મે, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ–૦૮/૦૫/૨૦૨૬
સ્થળ:– વસો

(સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી)
પ્રિન્સિપાલ સીવીલ જજ, વસો
કોડ નંબર જી જે ૦૧૪૨૫